# રાજ્યમાં નવા ૪૭૦ કેસ, ૩૩નાં મોત

## આંકડો ૨૧ હજારને પાર : અમદાવાદમાં ૩૩૧ કેસ સપાટી પર આવ્યા : મોતનો આંક ૧૩૧૩ થયો : અમદાવાદમાં કોરોનાનો હાહાકાર

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના નવા પોઝિટિવ કેસ ૪૭૦ નોંધાયા છે. જેને લીધે કોરોનાથી સંક્રમિત થનારોનો આંકડો ૨૧ હજારને પાર થઈ ૨૧૦૪૪ થયો છે. આજ રીતે ચોવીસ કલાકમાં અમદાવાદમાં ૨૭ દર્દીના મૃત્યુ સાથે ૩૩ દર્દીના મોત નીપજ્યા હતા. જેની સાથે મૃત્યુઆંકે ૧૩૦૦નો રેકોર્ડ તોડી ૧૩૧૩ થયો હતો. રાજ્યમાં આજે ૬૪ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે. ૪૦૯ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા હતા. આરોગ્ય વિભાગ ધ્વારા જાહેર કરેલ યાદીમાં આજે કોરોનાની સાંપ્રતસ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, રાજ્યમાં આજે ૩૩ વ્યક્તિઓના કોરોનાને કારણે અવસાન થયા છે. જેમાં અમદાવાદમાં ૨૭, સુરતમાં ૨, મહેસાણા અરવલ્લી, અમરેલી અને પંચમહાલ ખાતે ૧-૧ વ્યક્તિના મોત નીપજ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૧૩૧૩ મૃત્યુ નોંધાયા છે. રાજ્યમાં ૪૭૦ નવા કેસ નોંધાયા તેમાં અમદાવાદ જિલ્લામાં ૩૩૧, સુરતમાં ૬૨, વડોદરામાં ૩૨, ગાંધીનગરમાં ૮, સાબરકાંઠામાં ૫, આણંદમાં ૪, ભાવનગર, પંચમહાલ, પાટણ, ખેડા અને અમરેલીમાં ૩-૩ અને બનાસકાંઠા, મહેસાણા, અરવલ્લી, કચ્છ, જુનાગઢ, નવસારી અને અન્ય રાજ્યમાં ૧-૧, રાજકોટ, ભરૂચ અને વલસાડમાં ૨-૨ નોંધાયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬૧૫૮૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે ૨૦૯૬૭૩ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૦૩૦૫૦ હોમ ક્વોરોન્ટાઈન અને ૬૬૨૩ વ્યક્તિ ફેસિલીટી ક્વોરોન્ટાઈન છે. રાજ્યમાં એક્ટિવ કેસ ૫૩૫૮ છે જેમાં વેન્ટીલેટર પર ૬૪ અને ૫૨૯૯ સ્ટેબલ છે. ગુજરાતમાં કોરોનાનો આંકડો દિવસને દિવસે વધતો જઈ રહ્યો છે. ખાસ કરીને અમદાવાદમાં રોજના હવે ૩૦૦-૩૫૦ કેસો સપાટી આવી રહ્યા છે અને રોજના ૨૦થી ઉપર મોત થઈ રહ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૪૯૬૨ | ૧૦૬૬ | ૧૦૩૭૮ |
| સુરત | ૨૨૦૮ | ૯૦ | ૧૪૬૦ |
| વડોદરા | ૧૩૬૦ | ૪૩ | ૮૬૧ |
| ગાંધીનગર | ૪૩૨ | ૧૮ | ૧૯૧ |
| ભાવનગર | ૧૪૬ | ૧૦ | ૧૦૯ |
| બનાસકાંઠા | ૧૪૫ | ૦૬ | ૧૦૭ |
| આણંદ | ૧૧૫ | ૧૧ | ૯૩ |
| રાજકોટ | ૧૩૩ | ૦૫ | ૮૦ |
| અરવલ્લી | ૧૨૬ | ૦૮ | ૧૧૪ |
| મહેસાણા | ૧૬૧ | ૦૮ | ૯૨ |
| પંચમહાલ | ૧૦૮ | ૧૩ | ૮૦ |
| બોટાદ | ૬૦ | ૦૨ | ૫૫ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૧૦૭ |
| ખેડા | ૯૪ | ૦૪ | ૬૩ |
| પાટણ | ૧૦૬ | ૦૭ | ૭૧ |
| જામનગર | ૬૬ | ૦૩ | ૪૩ |
| ભરૂચ | ૬૦ | ૦૪ | ૩૫ |
| સાબરકાંઠા | ૧૨૭ | ૦૪ | ૯૧ |
| ગીર-સોમનાથ | ૪૮ | ૦૦ | ૪૫ |
| દાહોદ | ૪૬ | ૦૦ | ૩૨ |
| છોટાઉદેપુર | ૩૭ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૯૧ | ૦૫ | ૬૭ |
| નર્મદા | ૨૩ | ૦૦ | ૧૮ |
| દેવભૂમિ દ્વારકા | ૧૫ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૫૭ | ૦૨ | ૨૯ |
| નવસારી | ૩૫ | ૦૧ | ૨૦ |
| જૂનાગઢ | ૩૭ | ૦૧ | ૨૮ |
| પોરબંદર | ૧૨ | ૦૨ | ૦૬ |
| સુરેન્દ્રનગર | ૫૬ | ૦૨ | ૩૧ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૪ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૯ | ૦૨ | ૦૮ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૧૦૪૪ | ૧૩૧૩ | ૧૪૩૭૩ |

## પાલનપુરમાં વધુ એક કોરોના પોઝિટિવ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં મંગળવારે એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૪૫ એ પહોંચ્યો છે. જ્યારે ૬ વ્યક્તિઓના મોત થયા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના પુનઃ માથું ઊંચકી રહ્યો છે. જ્યાં મંગળવારે વધુ એક વ્યક્તનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, પાલનપુર ખોડા લીમડા વિસ્તારમાં રહેતા એક વૃધ્ધાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે પાલનપુરમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ચાર થઈ છે. જ્યારે જિલ્લામાં કુલ પોઝિટિવની સંખ્યા ૧૪૫ થવા પામી છે. જ્યારે ૬ વ્યક્તિઓના મોત થયા છે.

# રાજ્યમાં ધો. ૧૦નું ૬૦.૬૪ ટકા પરિણામ

## ધોરણ ૧૦ની પરીક્ષામાં કુલ ૭૯૨૯૪૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી તે પૈકી ૪૮૦૮૪૫ વિદ્યાર્થીઓ પાસ થયા

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા લેવાયેલી ધો.૧૦ની પરીક્ષાનું પરિણામ ૬૦.૬૪ ટકા જાહેર થયું છે. ધો.૧૦ની પરીક્ષામાં કુલ ૭૯૨૯૪૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૪૮૦૮૪૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. છોકરીઓ આ વખતે મેદાન મારી ગઈ છે. છોકરાઓના ૫૬.૫૩ ટકા છોકરાઓ અને ૬૬.૦૨ ટકા છોકરીઓ ઉતીણ થઈ છે. રાજ્યમાં સૌથી વધુ પરિણામ સુરત સેન્ટરનું ૭૪.૬૬ ટકા અને સૌથી નીચુ દાહોદ જિલ્લાનું ૪૭.૪૭ ટકા પરિણામ આવ્યું છે, એ જ રીતે અમદાવાદ શહેરનું ૬૫.૫૧ ટકા અને અમદાવાદ ગ્રામ્યનું ૬૬.૦૭ ટકા પરિણામ આવ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા લેવાયેલ ધો.૧૦નું આજે જાહેર થયેલ પરિણામમાં આ વર્ષે એ-૧ ગ્રેડ ૧૬૭૧ વિદ્યાર્થીઓએ મેળવ્યો છે. જ્યારે એ-૨ ગ્રેડ ૨૩૭૫૪ વિદ્યાર્થીઓએ, ૫૮૧૨૮ વિદ્યાર્થીઓએ બી-૧ ૧૦૫૯૭૧ વિદ્યાર્થીઓ બી-૨, ૧૫૯૧૦૮ વિદ્યાર્થીઓએ સી-૧, અને ૧૧૮૨૩૦ વિદ્યાર્થીઓએ સી-૨ અને ૧૩૯૭૭ વિદ્યાર્થીઓએ ડી અને ૬ વિદ્યાર્થીઓએ ઈ-૧ ગ્રેડ મેળવ્યો છે. રાજ્યમાં સૌથી ઉંચુ પરિણામ બનાસકાંઠાના સપ્રેડા કેન્દ્રનું ૯૪.૭૮ ટકા જ્યારે સૌથી ઓછુ ૧૪.૦૯ ટકા દાહોદ જિલ્લાના રુવાબારી કેન્દ્રનું છે. રાજ્યમાં આ વર્ષે ૨૯૧ શાળાનું ૧૦૦ ટકા પરિણામ, ૧૮૩૯ શાળાનું ૩૦ ટકા કરતા ઓછુ પરિણામ તેમજ ૧૭૪ શાળાનું ઝીરો ટકા કરતા ઓછુ છે.

### ગુજરાતી માધ્યમના છાત્રો ગુજરાતીમાં જ કાચા પડયા

રાજ્યમાં આજે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં રાજ્યમાં ગત વર્ષ કરતાં સામાન્ય પરિણામ ઓછું આવ્યું છે. જોકે, આ બધાની વચ્ચે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ગુજરાતી વિષયનું પરિણામ ચિંતાજનક છે. રાજ્યમાંથી આ વર્ષે ૧,૦૦,૩૪૮ વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયમાં ડાંડી મારી છે. ડાંડી મારવી એટલે તળપદી ભાષામાં નાપાસ થયા છે. આ પરિણામ ચિંતાજનક અને વિશ્લેષણ કરવા યોગ્ય છે. રાજ્યમાં આ વર્ષે કુલ ૭,૦૨,૬૦૦ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. આ વિદ્યાર્થીઓ પૈકીના ૬,૯૧,૬૯૩ વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી. આજે બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણા મુજબ ધોરણ-૧૦માં ગુજરાતી પ્રથમ વિષયમાં ગુજરાતી માધ્યમના ૫,૯૧,૩૪૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ ગુજરાતી વિષયનું ધોરણ-૧૦નું પરિણામ ૮૫.૪૯ ટકા છે. જોકે, અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ સારો દેખાવ કર્યો છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો દેખાવ સારો જોવા મળ્યો. અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી બીજી ભાષામાં પ્રભાવશાળી પરિણામ આવ્યું છે. અંગ્રેજી માધ્યમના ૧,૦૧,૬૬૭ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. આ પૈકીના ૧,૦૧,૨૪૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી જ્યારે તેમાંથી ૯૨,૭૮૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આમ અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૧.% રહ્યું હતું. રાજ્યમાં ધો.૧૦ની પરીક્ષાનું આજે ૬૦.૬૪ ટકા પરિણામ જાહેર થયું છે. ૨૦૧૯માં ધોરણ ૧૦નું પરિણામ ૬૬.૯૭ ટકા જાહેર થયું હતુ, તે સંદર્ભે ગત વર્ષ કરતા લગભગ ૫ ટકા ઓછું પરિણામ આવ્યું છે. જેમાં અમદાવાદ શહેરનું ૬૫.૬૧ ટકા જ્યારે જિલ્લાનું ૬૬.૦૭ ટકા પરિણામ આવ્યું છે. અમદાવાદમાં ૫૦,૯૪૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ૩૩,૩૭૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે જિલ્લામાં ૩૯,૦૪૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ૨૫,૭૯૮ નાપાસ થયા છે.

# ખેડબ્રહ્મા તાલુકાના દિધીયાની સીમમાં પ્રેમી પંખીડાનો મૃતદેહ મળ્યો

## ખેડબ્રહ્મા તાલુકાના દિધીયા ગામે બે લોકોએ ગળે ફાસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું જે વાત વિસ્તારમાં ફેલાતા લોકોના ટોળા વળ્યાં હતા : વડાલી તાલુકાના થેરાસણા ગામના મહિલા અને પુરુષમાં પ્રેમ સંબંધ બંધાતા ઘરેથી ભાગી જઇ જીવન ટૂંકાવ્યું હતું

ખેડબ્રહ્મા, તા. ૯

વડાલી તાલુકાના થેરાસણા ગામના જયંતિભાઈ મોહનભાઈ ઠાકરડા ઉ.વા.૪૫ના લગ્ન વડાલી તાલુકાના રામપુર વાસણા ગામે થયેલ હતા જેઓને સંતાનમાં બે દીકરીઓ છે. જયંતિભાઈ ઠાકરડાને થેરાસણા ગામના કચરાભાઈ ભીખાભાઈ ઠાકરડાની પત્ની જાગૃતિબેન ઉ.વ. આ ૪૦ સાથે પ્રેમ સબંધ હોઈ એકાદ માસ અગાઉ બંને ભાગી ગયેલ અને ત્રણ દિવસ બાદ પરત આવેલ હતા અને ત્યારબાદ ફરીથી આ બંને જણા ૭ જૂનના રોજ ફરી ઘરેથી કોઈને ક્હયા વગર નીકળી ગયેલ હતા. અને ૯ જૂનના રોજ જયંતિભાઈ મોહનભાઈ ઠાકરડા તથા જાગૃતિબેન વા/ઓફ કચરાભાઈ ભીખાભાઈ ઠાકરડાનાઓ ખેડબ્રહ્મા તાલુકાના દિધીયા ગામની સીમામાં લીમડાના ઝાડ સાથે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ હતા. જે અંગે થેરાસણામા જાણ થતાં જયંતિભાઈના ભાઈ કાંતિભાઈ, રાકેશભાઈ તથા જાગૃતિબેનના પતિ કચરાભાઈ ભીખાભાઈનાઓને જાણ કરતાં તેઓ તથા તેમના કુટુંબના માણસો સાથે ખેડબ્રહ્મા દીધીયા ગામે આવેલા અને જયંતીભાઈ અને જાગુતિબેન એક લીમડાના ઝાડ ઉપર એકજ સાડલાથી ગળેફાંસો ખાઈ મરણ ગયેલ હતા અને ત્યારબાદ મૃતદેહને લીમડાના ઝાડ ઉપરથી નીચે ઉતારી સીવીલ હોસ્પીટલ ખેડબ્રહ્મા ખાતે લાવેલ જે અંગે કાંતિભાઈ ઠાકરડાએ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુન્હો નોંધી વધું તપાસ હાથ ધરી હતી.

# પ્રાંતિજ ખાતે ગુજરાત કિસાન સભા દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત કિસાન સભા સાબરકાંઠા જિલ્લા સમિતિ ફેન્સીંગની કામગીરી અટકાવવા તાત્કાલિક ધોરણે પગલાં ભરવાં અંગે વિવિધ સંસ્થાઓ સંગઠનો આંદોલનકારી આદિવાસી આગેવાનો કબજેદારને ધરપકડથી મુકત કરો, કેવડીયા વિસ્તારના આ



હિંમતનગર દ્વારા પ્રાંતિજના નાયબ કલેક્ટરને કેવડીયા વિસ્તારના આદિવાસીઓના હક્ક માટે આવેદનપત્ર આપ્યુ.

કેવડીયા વિસ્તારના ગામડાઓના આદિવાસી ખેડૂતોની જમીનમાં ફેન્સીંગની કામગીરી અટકાવવા તાત્કાલિક દ્વારા આવેદન પત્રો આપવામાં આવી રહ્યાં છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ગુજરાત કિસાનસભા સાબરકાંઠા જિલ્લા સમિતિ હિંમતનગર દ્વારા આદિવાસીઓના હક્ક માટે અને આદિવાસી ખેડૂતોની જમીનમાં ફેન્સીંગની કામગીરી અટકાવવા દિવાસી કબજેદારોને ન્યાય આપવા આગેવાનો સાથે વાટાઘાટો કરી પ્રશ્નનો ઉકેલ લાવવો, તાત્કાલિક પગલાં ભરવા અંગે પ્રાંતિજ ખાતે નાયબ કલેક્ટર સોનલબા પઢેરીયાને આવેદનપત્ર આપ્યું હતું અને સરકારમાં રજુઆત કરવા અનુરોધ કર્યો હતો.

## રાજયભરની ૧૦ આદર્શ નિવાસી શાળાઓનું એસ.એસ.સી. બોર્ડનું ૧૦૦ ટકા સહિત સરેરાશ ૯૨ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૯

રાજયમાં આજે જાહેર કરવામાં આવેલ એસ.એસ.સી. બોર્ડના સરેરાશ ૬૦.૬૪ ટકા પરિણામ સામે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની રાજ્યભરની કુલ-૩૩ સરકારી આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૧૦ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ તેમજ કુલ સરેરાશ ૯૨ ટકા પરિણામ આવ્યું છે તેમ વિકસતી જાતિ કલ્યાણ ખાતાના સંયુકત નિયામકશ્રી જણાવાયું છે.

આજના એસ.એસ. સી.ના પરિણામમાં રાજયભરની ૩૩ આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૧૦ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ૧૨ શાળાઓનું પરિણામ ૯૧ થી ૯૯ ટકાની વચ્ચે જયારે ૬ શાળાઓનું પરિણામ ૮૧ થી ૯૦ ટકા આવ્યું છે તેમજ ૮૦ ટકાથી ઓછુ પરિણામ આવ્યું હોય તેવી ૫ શાળાઓ છે. નાપાસ થયેલ વિદ્યાર્થીઓને જુલાઈ માસમાં પૂરક પરીક્ષા દ્વારા ૧૦૦ ટકા પરિણામ લાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

પછાત વર્ગોની શાળાઓના એસ.એસ.સી. બોર્ડના શ્રેષ્ઠ પરિણામ બદલ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે તેમજ રાજ્યકક્ષાના મંત્રી વાસણભાઈ આહિર, નિયામક એન.એ. નિનામા સહિત આચાર્યો અને શિક્ષકોએ અભિનંદન આપ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લામાં મેલેરિયા જાગૃતિ અભિયાન હાથ ધરાયું

## આદિજાતિ વસ્તી ધરાવતા ૦૩ તાલુકા ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીનાના ૭૧ ગામમાં જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે

હિંમતનગર

દર વર્ષે જૂન માસને સરકાર દ્વારા મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. જેમાં ખાસ કરીને આ માસ દરમિયાન મેલેરિયા અટકાયતી વિવિધ પ્રવૃતિઓ ઉપરાંત મેલેરિયાથી તકેદારી રાખવા જનજાગૃતિ વગેરે પ્રવૃતિઓ ઝુંબેશના રૂપમાં કરવામાં આવે છે. ગુજરાતને ૨૦૨૨ સુધી મેલેરિયા મુક્ત કરવાના ઉદ્દેશ સાથે ચલાવી રહેલા આ અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અનુસંધાને સંયુક્ત નિયામક રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્ર્મ શાખા ગાંધીનગર દ્વારા ચોમાસાની ઋતુને ધ્યાને લઈને જૂન મહિનાને મેલેરિયા માસ તરીકે ઉજવવામાં આવે છે. જિલ્લા વિકાસ અધિકારી ડૉ.રાજેન્દ્ર પટેલની સુચના તથા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રાજેશ પટેલના માર્ગદર્શન તથા જિલ્લા મેલેરિયા અધિકારીના આયોજનના સંયુક્ત સંકલનથી જૂન માસમાં મેલેરીયા રોક થામની પ્રવૃતિઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

જિલ્લામાં આગામી ચોમાસાની ઋતુમાં સાબરકાંઠાના આદિજાતિ વસ્તી ધરાવતા ત્રણ તાલુકા ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીનામાં મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગોના કેસોમાં વધારો ના થાય તે માટે વધુ જોખમ ધરાવતા વિસ્તારો તથા બોર્ડરના ગામોમાં જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના કુલ ૭૧ ગામોની કુલ ૮૯,૩૦૧ જેટલી વસ્તી સમાવિષ્ઠ છે. વધુમાં આ પ્રકારના રોગોનો ફેલાવો વધે નહી તે માટે ફીવર સર્વે, ટેમિફોસ કામગીરી, સોર્સ રીડક્ષન, મચ્છરદાની વિતરણ તથા ઉપયોગ માટેની આઇ.ઈ.સી., કાયમી મચ્છર ઉત્પતિ સ્ત્રોતોમાં ગપ્પિ માછલી મૂકવાની કામગીરી પણ સઘન બનાવવામાં આવેલ છે.

### વધુ ૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં હાલ ૧૨,૨૭૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જેમાં કલોલ તાલુકામાં ૫૧૦૦થી વધુ તો ગાંધીનગરમાં ૪ હજારથી વધુ, દહેગામમાં ૧૬૦૦ થી વધુ તો માણસામાં ૧૪૦૦ થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૧૩૦ જેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને નિયંત્રણમાં લેવા તંત્ર દ્વારા અલગથી વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે. જો કે તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે. આ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સીંગનો પણ અમલ વધુ કડકાઈ સાથે કરવાના નિર્દેશો પણ મળી રહ્યા છે.

### સાર્થક કર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ તેણે તેના દાદા પણ ગુમાવી દીધા હતા બ્રેઈન સ્ટ્રોકના લીધે વિનોદગીરીનુ અવસાન થતા તે ભારે સદમામાં હતો પરંતુ દાદાની મહેનત કરવાની શિખામણને અપનાવી તેમનુ સ્વપ્ર પુરુ કરવા માટે તે અભ્યાસમાં લાગી ગયો હતો. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના આચાર્ય ઉમંગ વસાણીના માર્ગદર્શન અને સતત પ્રોત્સાહનના લીધે નૈષધે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. તેના જણાંવ્યા મુજબ તેના દાદાનો મહેનતનો મંત્ર પણ ફળીભુત થયો છે. સે-૨૩ સ્વામિનારાયણ સંસ્થાના ઉમંગ વસાણી અને ભદ્રેશ જોષીએ પણ આ તેજસ્વી વિદ્યાર્થીને અભિનંદન આપી બિરદાવ્યો હતો.

### ખતરો વધ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં પણ દિલ્હીની આપ સરકારે તો દિલ્હીમાં આવનાર સમયમાં હજારોની સંખ્યામાં કેસો વધવાની ભીતિ દર્શાવી છે. ત્યારે પરિસ્થિતિ હજુ ગંભીર બનવાની શક્યતા જોવામાં આવી રહી છે.

સૂત્રોએ વધુ વિગતો આપતાં કહ્યું કે, દેશમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા મંગળવારે સવારે ૨ લાખ ૬૫ હજારને પાર થઈ ગઈ છે. વીતેલા ૨૪ કલાકમાં ૯,૯૮૭ નવા કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બહાર પડાયેલા આંકડા મુજબ, દેશમાં અત્યારે ૨,૬૬,૫૯૫ કોરોનગ્રસ્ત દર્દીઓ છે. આ ઉપરાંત ૭૪૬૬ દર્દીઓના કોરોનાને કારણે મોત થઈ ગયા છે. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૬૭ હજાર ૨૩૮ થઈ ગઈ છે.

આ સાથે જ બીજી તરફ મંગળવાર સવારે દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને જણાવ્યું કે, રાજધાની દિલ્હીમાં કોરોના સંક્રમણનો સૌથી ખતરનાક તબક્કો કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયુ છે. અડધાથી વધારે કેસ આ પ્રકારના સામે આવ્યા છે. કોમ્યુનિટી ટ્રાન્સમિશન ત્યારે થાય છે જ્યારે સંક્રમણના સોર્સ અંગે ખબર ન પડે. તેમણે એમ પણ કહ્યું કે, આપણે આવું ત્યારે જ કહી શકીએ, જ્યારે કેન્દ્ર આ અંગેની જાહેરાત કરે.હવે મહારાષ્ટ્રમાં પણ કોરોના દર્દીઓનો આંકડો ૮૮ હજારની પાર પહોંચી ગયો છે. અને ૩,૧૬૯ લોકોના મોત થયા છે. તો બીજી તરફ ૩૩,૨૨૯ દર્દીઓ સાથે તમિલનાડુ બીજા ક્રમે છે જ્યાં ૨૮૯ લોકોના મોત થયા છે.

તો બીજી બાજું મુંબઈમાં સંક્રમિતોનો આંકડો ૫૦ હજારને પાર પહોંચી ગયો છે, શહેરમાં ૧૭૦૨ લોકોના મોત થયા છે. જ્યારે રાજ્યમાં ૮૮ હજાર ૫૨૮ સંક્રમિત મળ્યા છે, જેમાંથી ૪૦ હજારથી વધુ સાજા થઈ ચુક્યા છે. મુંબઈમાં દરરોજ જેટલા લોકો પોઝિટિવ મળી રહ્યા છે, તેમની સરખામણીમાં સાજા થનારા લોકોની ટકાવારી વધી રહી છે.

મહારાષ્ટ્ર, તમિલનાડુ, દિલ્હી અને ગુજરાત જેવા રાજ્યો કોરોના વાયરસથી સૌથી વધારે સંક્રમિત પ્રભાવિત રાજ્યો બની ગયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી ૮૮,૫૨૮ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથી ૪૪,૩૮૪ સક્રિય કેસ છે. દિલ્હીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૨૯,૯૪૩ છે જેમાંથી ૮૭૪ લોકોના મોત થઈ ગયા છે.

મહારાષ્ટ્ર પોલીસે મંગળવારે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ડિપાર્ટમેન્ટમાં એક પણ નવો કેસ આવ્યો નથી. રાજ્યમાં અત્યાર સુધી ૨,૫૬૨ પોલીસ અને અધિકારીઓ સંક્રમિત થઈ ચુક્યા છે. સાથે જ ૩૪ જવાનોના મોત થયા છે. તમિલનાડુમાં કોરોના વાયરસના કેસ ૩૩,૨૨૯ થઈ ગયા છે. જેમાંથી ૧૫,૪૧૬ એક્ટિવ કેસ છે જ્યારે ૨૮૬ લોકોના મોત થઈ ગયા છે. રાજસ્થાનમાં ૧૦,૭૬૩ અને ઉત્તરપ્રદેશમાં ૧૦,૯૭૪ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે.

### ૫ લાખ કેસ હશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાબ આપ્યા શક્યા નહીં. નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું કે, એલજીના નિર્ણયથી દિલ્હીના લોકો સામે સંકટ પેદા થયું છે. જે ગતિથી કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે, તેનાથી લાગે છે કે ૩૦ જૂન સુધી ૧૫ હજાર બેડની જરુરત પડશે. અને ૩૧ જુલાઈ સુધી ૮૦ હજાર બેડની જરુરત પડશે. ૩૧ જુલાઈ સુધી કોરોના વાયરસના પાંચ લાખ કેસ થઈ જશે. દિલ્હીમાં અન્ય રાજ્યના લોકોની સારવાર થઈ શકશે એ નિર્ણયના અનુસંધાનમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લખ્યું કે, એલજી સાહેબના આદેશથી દિલ્હના લોકો માટે ખૂબ મોટી સમસ્યા પેદા થઈ ગઈ છે. દેશભરથી આવતા લોકો માટે કોરોના મહામારી દરમિયાન ઈલાજની વ્યવસ્થા કરવી ખૂબ મુશ્કેલ પડકાર છે. કદાચ ભગવાનની મરજી છે કે અમે આખા દેશના લોકોની સેવા કરીએ. અમે સૌની સારવાર કરવાની વ્યવસ્થા કરવાની કોશિશ કરીશું.

### પીછેહઠ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કક્ષાની વાટાઘાટો અને આગામી બેઠકોની આ અસર છે. સૂત્રોએ જણાવ્યું કે ચીન લશ્કરે પહેલાં પોતાના પગલા પાછા ખેંચ્યા હતા, ત્યારે ભારતીય સેનાએ પણ તે વિસ્તારોમાંથી તેના કેટલાક સૈનિકો અને વાહનો પાછો ખેંચી લીધાં હતાં. તેમના કહેવા મુજબ, તણાવના આ મુદ્દા પર બટાલિયન કમાન્ડર-સ્તરની વાટાઘાટો બંને તરફથી થઈ રહી છે. વરિષ્ઠ અધિકારીઓને મદદ કરી રહેલા ચીન સાથે વાતચીત કરવા ભારતીય સૈનિકો પહેલાથી જ ચુસુલમાં હાજર છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેટલાક લોકો લદાખમાં ચીની સેના હાજર હોવાનો દાવો કરી રહ્યા છે. ત્યારબાદ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) એચ.એસ. પનાગએ એક લેખ લખ્યો હતો કે ચીની સેનાએ લદાખમાં ભારતીય ક્ષેત્રની અંદર ૪૦ થી ૬૦ ચોરસ કિલોમીટર જમીન પર કબજો કર્યો છે. જો આ વાત સાચી હોય, તો પછી ૨ થી ૨.૫ કિમી ચીની સેનાની પીછેહઠને શાંતિપૂર્ણ રીતે આ મુદ્દાને હલ કરવાના સંકેત તરીકે ગણી શકાય. જો કે, લદાખમાં ચીન સાથે ચાલી રહેલી અડચણ પણ દેશમાં વેગ પકડવાનું શરૂ કર્યું છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદન પર કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કરેલી ટિપ્પણ પર સૌ પ્રથમ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે પ્રતિક્રિયા આપી હતી અને એ પછી રાહુલે ગંભીર પ્રશ્ન ઉઠાવ્યો હતો.

### સિંધિયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. જ્યોતિરાદિત્યમાં કોરોનાના કેટલાક લક્ષણો જોવા મળ્યા હતા પરંતુ તેમની માતામાં કોરોનાનું એક પણ લક્ષણ જોવા મળ્યું નહતું. કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યા બાદ બંનેની સારવાર ચાલી રહી છે. જ્યોતિરાદિત્ય સિંધિયા અને તેમના માતા માધવીરાજેનો રિપોર્ટ પોઝિટિવ આવવાના કારણે, તેમના બંનેના સંપર્કમાં આવનાર લોકોને ક્વોરેન્ટાઈન કરવાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. આ સાથે સિંધિયા અને તેમના માતાને કોરોના વાયરસનો ચેપ કયાંથી લાગ્યો તેની તપાસ કરવામાં આવીરહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યોતિરાદિત્ય સિંધિયાને ચાર દિવસ પહેલાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત જાણકારી પ્રમાણે ભાજપ તરફથી ઉમેદવારી નોંધાવા માટે જ્યોતિરાદિત્ય સિંધિયા ભોપાલથી સીધા દિલ્હી આવ્યા હતા. ત્યારબાદ લોકડાઉન લાગુ થતા તેઓ પોતાના પરિવાર સાથે દિલ્હીમાં પોતાના નિવાસ સ્થાને રહી રહ્યા હતા. પરંતુ ચાર દિવસ અગાઉ અચાનકથી તેમનામાં કોરોનાના લક્ષણો દેખાવાના શરૂ થઈ ગયા હતા.